LAXMINARAYAN SANDESH Regd. No. E31822 (Mumbai)

# લક્ષ્મીનારાયણ સંદેશ

મુખપત્ર : શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ

E 01 | ૦૬ ઓગસ્ટ ૨૦૨૫ * સ્થાપના : ૦૫ / ૦૯ / ૨૦૧૫ (જન્માષ્ટમી) * સંચાલન : મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી ચંદુલાલ બી. નાકરાણી

C/O. Gurukrupa Bldg., Ground Floor, Near Devidayal Garden, Mulund (W), Mumbai - 400 080. | Email.: laxminarayan.sandesh@gmail.com | Website : www.kkplaxminarayanmumbai.org

## તંત્રીશ્રી સ્થાનેથી

શ્રી ચંદુલાલ બી. નાકરાણી

સૌને જય લક્ષ્મીનારાયણ

આ પહેલા લક્ષ્મીનારાયણ સમાજના મુખપત્ર ‘‘લક્ષ્મીનારાયણ સંદેશ’’ ની શરૂઆત કરવામાં આવેલ, પણ તેને કોરોના મહામારીને કારણે સ્થગિત કરવું પડ્યું હતું. પરંતુ હવે તેને ફરીથી શરૂ કરવાનો નિર્ણય સમાજ દ્વારા કરવામાં આવ્યો છે, જેથી સમાજમાં ચાલી રહેલ પ્રવૃત્તિઓના અહેવાલો સમયસર મળતા રહે. હવે મુખ પત્ર નવા સ્વરૂપે - ઈ ફોર્મમાં પ્રકાશીત કરવામાં આવશે, જેથી મુખપત્રના ખર્ચમાં બચત થઈ શકે અને સમાચારો બનતી ત્વરાએ મળી શકે.

થોડા વખતમાં જન્માષ્ટમીના તહેવારોની ઉજવણી શરૂ થશે. પ્રાચીન સમયથી આપણી સમાજમાં જન્માષ્ટમીનું વિશેષ મહત્વ હોય છે. જન્માષ્ટમી એટલે કૃષ્ણ જન્મની યાદમાં ઉજવણી. કચ્છમાં તો આ તહેવાર શ્રાવણ સુદ પૂનમથી શરૂ થઈ શ્રાવણ વદ આઠમ સુધી ખૂબ ઉત્સાહભેર ઉજવાય છે. વાતાવરણ કૃષ્ણમય થઈ કૃષ્ણભક્તિના રંગે રંગાઈ જાય છે. દરેક જણ પોત પોતાની રીતે કૃષ્ણ ભક્તિ કરે છે. ક્યાંક રાસ તો ક્યાં દાંડીયા રાસ તથા ગામોમાં નાટકોના આયોજનો પણ થાય છે. આપણે પણ લક્ષ્મીનારાયણ ઉમા ધામમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી શ્રી કૃષ્ણભગવાન પ્રત્યેની આપણી ભક્તિ વ્યક્ત કરીએ છીએ.

અહીં એક વાત બીજી કૃષ્ણભક્તિની કરવી છે, જે એ ભક્તિથી દૂર રહેવા બાબતની છે. એ કૃષ્ણભક્તિ એટલે દરેક વ્યક્તિમાં કાળી બાજુ જોવાની આદત. કોઈ વ્યક્તિના સારા ગુણો જોવા કરતાં અવગુણોનું મુલ્યાંકન કરવાનું ભૂલતા નથી. કોઈ વ્યક્તિના સો ગુણો સારા હોય અને એક અવગુણ હોય તો આપણે તેના સો ગુણો ભૂલી એક અવગુણની વાતો વારંવાર કહેતા હોઈએ છીએ. વ્યવહારમાં તેની સાથે કાંઈ સંબંધ ન હોવા છતાં આવું શા માટે ? એવું પણ હોઈ શકે કે તે વ્યક્તિના સદ્‌ગુણોની અદેખાઈ આવતી હોય. તેમ કરવાથી તે વ્યક્તિને હલકો પાડી અન્યાય કરતા હોઈએ છીએ. એમ કરી આપણે કોઈના વિશે ખોટું નિરૂપણ કરવાથી પાપના ભાગીદાર જાણે-અજાણે થઈ જતા હોઈએ છીએ. ઘણીવાર કોઈની પ્રગતિ સહન ન કરી શકતા હોવાને કારણે પણ આવી કૃષ્ણભક્તિનો શિકાર બનતા હોઈએ છીએ. તો તેવી કૃષ્ણભક્તિથી દૂર રહીએ તો જીવનમાં જરૂર લાભ થાય.

મનુષ્ય સર્વગુણ સંપન્ન તો નથી. તેથી તેનામાં રહેલ અવગુણ ઢાંકવા એમ કહેતો હોય કે ‘‘મારી કાળી બાજુ શું કામ જુઓ છો, ઉજળી બાજુ જુઓને ?’’ ત્યારે સંતો કહેતા હોય છે કે ‘‘તું તારી કાળી બાજુ રાખે શા માટે છે ? જ્યારે તને ખબર છે કે તારી કઈ બાજુ કાળી છે અને કઈ ઉજળી છે. ?’’

જન્માષ્ટમીના પર્વ નિમિત્તે બન્ને કૃષ્ણભક્તિનો ભેદ સમજી એકને જરૂરથી અપનાવીએ અને બીજીને છોડવા પ્રયત્ન કરીએ.

અસ્તુ આભાર.

---

॥ શ્રી લક્ષ્મીનારાયણભ્યામ્ નમઃ ॥ ॥ સનાતન પરમો ધર્મ ॥ ॥ શ્રી ઉમિયાયૈ નમઃ ॥

**શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ-મુંબઈ**

**SHREE KUTCHI KADVA PATIDAR LAXMINARAYAN SANATAN SAMAJ, MUMBAI**

C/O. ગુરૂકૃપા બીલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, દેવીદયાલ ગાર્ડનની બાજુમાં, મુલુંડ (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૮૦.

Email : kkplaxminarayanmumbai@gmail.com Website : www.kkplaxminarayanmumbai.org

તા. 30/07/2025

### કારોબારી સભા નોટીસ

શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ ની કારોબારી સભા પ્રમુખ શ્રી અરુણભાઈ હંશરાજ નાકરાણીના અધ્યક્ષ સ્થાને તા. 07/09/2025 - રવિવારના શ્રી લક્ષ્મીનારાયણ ઉમાંધામ, થાણા મધ્યે સવારે 10:00 કલાકે રાખવામાં આવેલ છે, જેમાં નીચે મુજબના અજેંડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે

એજેન્ડા

૧. આજની મીટીંગના અજેન્ડાનું વાંચન.
૨. ગત કારોબારી સભાની મીનીટસનું વાંચન અને બહાલી
૩. આવેલ પત્રોનું વાંચન.
૪. વર્ષ 2024-2025 ના વાર્ષિક હિસાબોની રજૂઆત અને બહાલી
૫. વિવિધ સમિતિઓના અહેવાલ.
૬. અધ્યક્ષશ્રી ની મંજૂરીથી જે રજુ થાય તે
૭. અધ્યક્ષશ્રી નું ઉદબોધન.
૮. આભાર વિધી

*પરેશ સોમજી માવાણી (મહામંત્રી)*

તા.: 30/07/2025

નોંધ

(૧): બંધારણ મુજબ કોરમ ના અભાવે મોકૂફ રાખવામાં આવેલ સભા ૩૦ મિનીટ બાદ હાજર સભાસદોની હાજરીમાં એજ સ્થાને ફરી શરૂ કરવામા આવશે

# કૃષ્ણ જન્મોત્સવ



**શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ - મુંબઈ ઉત્સવ સમિતિ આયોજીત**

**સહયોગી** શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન યુવક મંડળ અને મહિલા મંડળ - મુંબઈ દ્વારા સાતમ અને આઠમ તહેવારનું આયોજન

લક્ષ્મીનારાયણ ઉમાધામ ખાતે દર વર્ષે મુજબ આ વર્ષે પણ આપણા પારંપારિક તહેવાર સાતમ અને આઠમ, તા. ૧૫.૦૮.૨૦૨૫ શુક્રવાર અને ૧૬.૦૮.૨૦૨૫ શનિવાર, ''કૃષ્ણ જન્મોત્સવ''નો ઉત્સવ શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ ખાતે ધામ ધૂમ સાથે ઉજવવામાં આવશે તો આ ઉત્સવમાં સહભાગી થવા સર્વે ભાવિક ભક્તોને ભાવપૂર્ણ આમંત્રણ છે. આ ઉત્સવ ના સુંદર આયોજન માટે વિવિધ ઉછામણીઓ તા. ૨૬.૦૭.૨૦૨૫ શનિવાર સાંજે રાખવામાં આવેલ હતી જેમાં વિવિધ ઉછામણીઓ જે દાતાઓ એ લીધેલ છે તેમની યાદી નિચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. ટોપલામાં બેસતા બાલકૃષ્ણ | શરણમ જીનેશ મોહન ડાયાણી (દરશડી/થાણા) |
| ૨. મટકી ફોડતો કાનો | વિપુલ નારાણ માકાણી (બિદડા/થાણા) |
| ૩. રાધા ક્રિષ્ણ જોડી | રુચિ મોહનભાઈ લખમશી દીવાણી (દુર્ગાપુર/થાણા) |
| ૪. મટકીના દાતા | હંસાબેન અરવિંદભાઈ કરસન રામજીયાણી (મદનપુરા/થાણા) |
| ૫. મહાપ્રસાદના મુખ્ય દાતા | પારૂબેન રસિક માવાણી, પ્રજ્ઞાબેન વિજય છાભૈયા |
| ૬. મંડળ અને ડેકોરેશનના દાતા | ચેતનાબેન રાજેશ છાભૈયા (ખિરસરા/થાણા) |
| ૭. ઢોલીના દાતા | પાર્વતીબેન સોમજી પ્રેમજી માવાણી (રત્નાપર/થાણા) |
| ૮. સાઉન્ડ સિસ્ટમના દાતા | ચંદુભાઈ શિવગણ ધોળુ (લક્ષ્મીપરા/થાણા) |
| ૯. ફૂલહાર શણગારના દાતા | રામભરોસે |
| ૧૦. પ્રસાદના દાતા | હંસાબેન કીર્તિ દિવાણી, ઉષાબેન વિનોદ ગોરાણી, બિનાબેન નીતિન ચૌધરી ગ્રુપ, મનીષ હીરાલાલ રંગાણી, ભાવિક અમૃતલાલ સેંઘાણી અશ્વિન હરિલાલ સેંઘાણી, નીરવ હરેશ ચૌધરી (થાણા) |
| ૧૧. ભોજનના સહયોગી દાતાઓ | ૧. જ્યોતિબેન અરુણભાઈ નાકરાણી (રવાપર/થાણા)<br>૨. કંચનબેન સેંઘાણી વસંતભાઈ (મમાયમોરા/થાણા)<br>૩. નવદુર્ગા ગ્રુપ - મુકેશ જયંતી વાસાણી, જિતેન્દ્ર રવિલાલ ચોપડા, કિશોર કાનજી વાસાણી. |

**ઉત્સવ સમિતિ સર્વે દાતાઓનો અત્રે થી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.**
**કૃષ્ણ જન્મોત્સવ - ૨૦૨૫ આ ઉત્સવમાં સહભાગી થવા સર્વે ભાવિક ભક્તોને ભાવપૂર્ણ આમંત્રણ છે.**

॥ શ્રી લક્ષ્મીનારાયણાભ્યામ્ નમઃ ॥ ॥ સનાતન પરમો ધર્મ ॥ ॥ શ્રી ઉમિયાયૈ નમઃ ॥

**શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ-મુંબઈ**
**SHREE KUTCHI KADVA PATIDAR LAXMINARAYAN SANATAN SAMAJ, MUMBAI**
C/O. ગુરુકૃપા બીલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, દેવીદયાલ ગાર્ડનની બાજુમાં, મુલુંડ (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૮૦.
Email : kkplaxminarayanmumbai@gmail.com Website : www.kkplaxminarayanmumbai.org

તા. 30/07/2025

## વાર્ષિક સામાન્ય સભા નોટીસ

શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ - મુંબઈની વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ શ્રી અરુણભાઈ હંશરાજ નાકરાણીના અધ્યક્ષ સ્થાને તા. 07/09/2025 - રવિવારના શ્રી લક્ષ્મીનારાયણ ઉમાંધામ, થાણા મધ્યે બપોર પછી 3 :00 કલાકે રાખવામાં આવેલ છે, જેમાં નીચે મુજબના અજેંડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે

એજેન્ડા

૧. આજની મીટીંગના અજેન્ડાનું વાંચન.
૨. ગત વાર્ષિક સામાન્ય સભાની મીનીટસનું વાંચન અને બહાલી
3. વર્ષ 2024-2025 ના વાર્ષિક હિસાબોની રજૂઆત અને બહાલી
૪. નિર્માણ સમિતિ નો અહેવાલ
૫. વિવિધ સમિતિઓના અહેવાલ.
૬. અધ્યક્ષશ્રી ની મંજૂરીથી જે રજુ થાય તે
૭. અધ્યક્ષશ્રી નું ઉદબોધન.
૮. આભાર વિધી

*પરેશ સોમજી માવાણી (મહામંત્રી)*

તા.: 30/07/2025

નોંધ

(૧): બધારણ મુજબ કોરમ ના અભાવે મોકૂફ રાખવામાં આવેલ સભા ૩૦ મિનીટ બાદ હાજર સભાસદોની હાજરીમાં એજ સ્થાને ફરી શરૂ કરવામા આવશે



# રામ નવમી

તારીખ ૦૬.૦૪.૨૦૨૫ રવિવાર ના ચૈત્ર સુદ નવમી એટલે, રામ નવમીનો દિવસ. તે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મ ઉત્સવનો પવિત્ર દિવસ છે આ તહેવાર માત્ર ધાર્મિક ઉજવણી પૂરતો નથી, પરંતુ અનેક ગહન સંદેશાઓ અને જીવન મૂલ્યોનું પ્રતીક છે.

સવારના ૭:૦૦ વાગ્યાની આજુબાજુ લક્ષ્મીનારાયણ ઉમાધામ થાણા ખાતે લોકોની હાજરી અને બરોબર આઠ વાગ્યાના સમય ઉપર દરરોજ ના જેમ આરતીનો સમય હોઈ તે સમયે પ્રથમ શ્રી ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની આરતી, ત્યારબાદ કુળદેવી શ્રી ઉમિયા માતાજીની આરતી, જયઘોષ અને રામ રક્ષા કવચના સ્ત્રોત તેમજ ભગવાન રામની સ્તુતિ અને ભજન / સકિર્તન કર્યા બાદ આપણા સર્વેના આરાધ્યદેવ શ્રી રામજીનો જયઘોષ કરી પ્રસાદ અને અલ્પાહાર લીધેલ.

# હનુમાન જન્મોત્સવ



ચૈત્ર સુદ પૂનમ, તારીખ ૧૨.૦૪.૨૦૨૫ શનિવારના રોજ હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ.

આપણે ચાલી આવતી પરંપરા મુજબ હનુમાન જન્મ મહોત્સવના આગલા દિવસે બપોર પછીના ભાગમાં લક્ષ્મીનારાયણ ઉમા ધામમાં ભાઈઓએ ભેગા થઈ હનુમાનને પ્રિય એવા ઘઉંના લાડવા, હનુમાન ચાલીસાનુ પઠન કરતા કરતા બનાવવાની શરૂઆત કરેલ જેમાં ઘઉંનો લોટ, ગોળ, દેશી ઘી થી લાડવાઓ બનાવેલ તેમજ શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળની ઉત્સવ સમિતિની બહેનો પણ હાજર રહી મંદિરના અંદર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ, ઉમિયા માતાજી, વિઘ્નહર્તા દેવ એવા ગણેશજી, શક્તિના પ્રતિક કહેવાતા હનુમાનજી ને વાઘાઓ પહેરાવી અને આભૂષણોથી શણગાર કરેલ. બહેનોએ બીજે દિવસે હનુમાન જન્મ ઉત્સવમાં આપણે ક્યા ભજનો ગાવા શું કરવું તે બાબતે ચર્ચા કરેલ. ૩:૦૦ વાગે થી ભાઈઓ એ લાડવા બનાવવાની શરૂઆત કરેલ અને સાંજના ૭:૩૦ વાગે આરતી અને સ્તુતિ કરી બીજા દિવસે હનુમાનના જન્મ ઉત્સવ પર સવારના ૬:૦૦ વાગે વહેલા પહોંચી આવી અને લાડવા ચાસણીમાં ડુબાડી અને એકદમ પ્રભુને ભાવતા લાડવાઓ પ્રસાદ રૂપે તેમજ અલ્પાહારમાં આપવા માટે તૈયાર કરેલ.

હનુમાન જન્મોત્સવ ચૈત્ર સુદ પૂનમ ના યજમાન શ્રી કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ મુલુંડ હતા. રાબેતા મુજબ શ્રી લક્ષ્મીનારાયન ભગવાનની આરતી, ઉમિયા માતજીની આરતી, હનુમાન દાદા ના ત્રણ વખત પાઠ પછી લક્ષ્મીનારાયણ ભગવાન નો થાળ, ભજન અને ત્યારબાદ જયઘોષ અને પ્રસાદ રૂપે બધાને ઘઉંના લોટમાંથી બનાવેલ લાડવો અને અલ્પાહાર ત્યારબાદ જે લોકો અહીંયા પધાર્યા એમને તો પ્રભુનો પ્રસાદ લાડવા રૂપે મળ્યો પણ જે નાના ભુલકાઓ સ્કૂલે ગયા હોય અને મોટી ઉંમરના આવી ન શક્યા હોય તેમના માટે ખાસ આજે જે ભક્તજનો ચૈત્ર સુદ પૂનમના દર્શને આવેલ તેમને બધાને નાની પ્લાસ્ટિકની પોલીથીન થેલી ની અંદર બે લાડવા નાખી ઘરે પ્રસાદ લઈ જવા માટે આપેલ.

આમ હનુમાન જન્મ ઉત્સવ પર લાડવા બનાવવા અને પ્રભુને ચઢાવવાનુ એ ફક્ત પરંપરા પૂરતું સીમિત નથી પરંતુ તે ભક્તિ, શ્રધ્ધા અને જીવનમાં સકારાત્મકતા ભાવના લાવવાનું પ્રતીક છે.

# વૈશાખ સુદ પૂનમ

તા. ૧૨.૦૫.૨૦૨૫ વૈશાખ સુદ પૂનમ આ પૂનમના યજમાન શ્રી કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ બદલાપુર. આ દિવસે પૂનમ ભરવા બદલાપુરથી બસ અને પોતાની પ્રાઈવેટ કારો સાથે આજના યજમાન શ્રી પધારેલ. તેમની સાથે મુંબઈના દરેક પરાંમાંથી ભક્તજનો પધારેલ અને પૂનમની ઉજવણી કરેલ.

તા. ૧૧.૦૬.૨૦૨૫ જેઠ સુદ પૂનમ પૂનમના દાતા યજમાન શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ) હતા. ઘાટકોપર થી દર વખતની જેમ બસ કરીને ઘાટકોપર વાસીઓ આવ્યા હતા. તે દિવસે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) ના નેજા હેઠળ સીસોટી ગ્રુપ દ્વારા ૨૭ માં વર્ષે શ્રી ભાગવત કથા પારાયણ થવાનું છે તેની આમંત્રણ પત્રિકા આપવામાં આવેલ. ત્યાર બાદ આષાઢ સુદ પૂનમના યજમાન દાતાશ્રી ઉમા સેવા સંઘ ભિવંડી રહ્યા હતા. આજનો દિવસ ગુરુપૂર્ણિમાનો દિવસ હોવાથી આપણા ગુરુદેવને યાદ કરવાનો અને ગુણગાન ગાઈ તેમના ઉપકારનો કૃતજ્ઞ ભાવ વ્યક્ત કરવાનો હોવાથી આજના દિવસે દર વખતની જેમ સત્સંગની દરમ્યાન ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાન તેમજ કુળદેવી શ્રી ઉમિયા માતાજી ની આરતી અને થાળ સાથે બ્રહ્મલીન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી ઓધવ રામજી બાપા ની સ્તુતિ તેમજ ગુરુદેવ શ્રી લાલરામજી મહારાજની સ્તુતિ અને પ્રાત સ્મરણ અને ભજનો ગાઈને ગુરુદેવને યાદ કરી તેમના ભજનો અને ગુણગાન ગાયેલ.

# શ્રી લક્ષ્મીનારાયણ ઉમા ધામ - થાણા
# પૂનમ સત્સંગ ના યજમાન શ્રીઓ
# (૨૦૨૫-૨૦૨૬)

| ક્રમ | મહિનો | તારીખ | યજમાન | ઉત્સવ |
|---|---|---|---|---|
| ૧ | ફાગણ | ૧૩-૦૩-૨૫ | સવિતાબેન કેશરા ચૌધરી પરિવાર (દરશડી - થાણા) | હોળી |
| ૨ | ચૈત્ર | ૧૪-૦૪-૨૫ | શ્રી ક.ક.પા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ - મુલુંડ | હનુમાન જયંતી |
| ૩ | વૈશાખ | ૧૨-૦૫-૨૫ | શ્રી ક.ક.પા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ - બદલાપુર | |
| ૪ | જેઠ | ૧૧-૦૬-૨૫ | શ્રી ક.ક.પા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ - મુંબઈ | |
| ૫ | અષાઢ | ૧૦-૦૭-૨૫ | શ્રી ઉમા સેવા સંઘ - ભિવંડી | ગુરૂપૂર્ણિમા |
| ૬ | શ્રાવણ | ૦૯-૦૮-૨૫ | શ્રી ક.ક.પા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ - કલંબોલી | રક્ષાબંધન |
| ૭ | ભાદરવો | ૦૭-૦૯-૨૫ | શ્રી મીરા રોડ કચ્છ કડવા પાટીદાર સમાજ - મુંબઈ | |
| ૮ | આસો | ૦૭-૧૦-૨૫ | શ્રી અંધેરી પાટીદાર સમાજ - અંધેરી | શરદપૂનમ |
| ૯ | કારતક | નવેમ્બર-૨૫ | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - થાણા | કાર્તિકી પૂર્ણિમા |
| ૧૦ | માગસર | ડીસેમ્બર-૨૫ | શ્રી લક્ષ્મીનારાયણ સત્સંગ મંડળ - ખારઘર | |
| ૧૧ | પોષ | જાન્યુ-૨૫ | શ્રી રે રોડ કચ્છ કડવા પાટીદાર સમાજ (રે રોડ) | |
| ૧૨ | મહા | ફેબ્રુઆરી-૨૬ | રાજેશભાઈ ભવાનજી રામજીયાણી (મદનપૂરા/ઐરોલી) | |

# અક્ષયપાત્ર



જય લક્ષ્મીનારાયણ

વહાલા જ્ઞાતિજનો,

કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય એમ આ ઉક્તિને સાર્થક કરતી યોજના એટલે આપણી અક્ષયપાત્ર યોજના. આપણા સમાજ દ્વારા ચલાવવામાં આવતી આ યોજનામાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપવા આપને વિનંતી કરીએ છીએ. આ યોજનમાં આપ દર મહિને ક્યુ-આર કોડ થી ઘરે બેઠા શ્રી લક્ષ્મીનારાયણના ચરણોમાં ભેટ દાન ધરી શકો છો. અને સાથે સાથે જીવનમાં આવતા વિવિધ પ્રસંગો જેવા કે જન્મદિવસ, લગ્ન દિવસ, લગ્ન પ્રસંગો અથવા અન્ય ખુશીના પ્રસંગે પણ આપનું દાન સમાજને અર્પણ કરી શકો છો. અને આપ જાણો છો એમ આ દાન આપણા સમાજના વિકાસ કાર્યોમાં અને મંદિરના કાર્યમાં વાપરવામાં આવે છે. આપ ક્યુ-આર કોડ થી ઓનલાઈન દાન કરી ને તરત જ આપના ઈમેલ પર રસીદ મેળવી શકો છો. આપના ઘરમાં રહેલ અક્ષયપાત્ર માં જે દાન જમા થયેલુ હોય તે પણ ક્યુ-આર કોડ ના માધ્યમથી આપ જમા કરાવી શકો છો.

આપણા મુખપત્રના માધ્યમથી આપને અક્ષય પાત્ર મા દાન કરવા વિનંતી કરવામાં આવે છે.

જય લક્ષ્મીનારાયણ

વધુ માહિતી માટે

**અક્ષયપાત્ર સમિતિ કન્વીનર**

**જિતેન્દ્ર રામાણી, ૯૮૧૯૧૧૬૧૨૨**

## ઉત્સવ સમિતિના ભાઈઓ અને બહેનો

શ્રી ચંદુભાઈ ધોળુ
કીર્તિ કુમાર દિવાણી
પરેશભાઈ માવાની
જયેશભાઈ ચૌધરી
અમૃતલાલ વાસાણી
નરેન્દ્રભાઈ પોકાર
તુલસીબાઈ જબુવાણી
દિપકભાઈ
હાર્દિક માવાણી
પૂજારી શ્રી અશોકભાઈ પોકાર
ભાવેશ સિંઘાણી
ગુંજન સેગાણી

### મહિલા મંડળ ઉત્સવ સમિતિની બહેનો

હંસાબેન દીવાણી
અરુણાબેન માવાણી
નીરૂબેન ચૌધરી
શારદાબેન પોકાર
બીના બેન ચૌધરી
ભાવિકા સિંગાણી
જાનવી સેંઘાણી
શિલ્પા લીંબાણી
ઉર્મિલા વાસાણી
ગીતાબેન સાંગાણી

## શ્રી ક.ક.પા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ - મુંબઈ ની વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૮ ની નવરચીત કારોબારી ની યાદી.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પ્રમુખ | અરુણ હંસરાજ નાકરાણી | ઘાટકોપર | 98330 06768 |
| ૨ | ઉપ પ્રમુખ | ભવાનભાઈ હરિભાઈ લીંબાણી | અંધેરી | 98200 82969 |
| ૩ | ઉપ પ્રમુખ | ચંદુલાલ શિવગણ ધોળુ | થાણા | 98211 26844 |
| ૪ | મહામંત્રી | પરેશ સોમજી માવાણી | થાણા | 93226 74480 |
| ૫ | મંત્રી | પ્રકાશ હરજી માવાણી | ઘાટકોપર | 76669 46669 |
| ૬ | મંત્રી | જીતેન્દ્ર છગનલાલ રામાણી | ડોમ્બીવલી | 93221 01080 |
| ૭ | ખજાનચી | કીર્તિકુમાર દિનેશ દિવાણી | થાણા | 93228 85199 |
| ૮ | સ. ખજાનચી | કુંવરજી પરબત જબુઆણી | થાણા | 97733 73700 |
| ૯ | સ. ખજાનચી | વીરેન્દ્ર હરજી માવાણી | તિલક નગર | 99304 44292 |
| ૧૦ | સભ્ય | ઉમેશ ડાયાલાલ નાથાણી | ઘાટકોપર | 98201 35090 |
| ૧૧ | સભ્ય | પ્રવીણ વિરજી ધોળુ | ઘાટકોપર | 99207 33093 |
| ૧૨ | સભ્ય | શાંતિલાલ નાનજી ચોપડા | ઘાટકોપર | 98675 92023 |
| ૧૩ | સભ્ય | જયંતીલાલ દેવશી રામજીયાણી | ઘાટકોપર | 98211 26483 |
| ૧૪ | સભ્ય | જીગ્નેશ બાબુલાલ ચૌહાણ | ઘાટકોપર | 98210 11844 |
| ૧૫ | સભ્ય | મનસુખ રમણલાલ સાંખલા | ઘાટકોપર | 70213 52038 |
| ૧૬ | સભ્ય | વીરેન્દ્ર લાલજી રામજીયાણી | ઘાટકોપર | 98211 62556 |
| ૧૭ | સભ્ય | રમેશ રવજી ચોપડા | પવઈ | 98200 64884 |
| ૧૮ | સભ્ય | કેશવલાલ દામજી લીંબાણી | મુલુંડ | 98195 66422 |
| ૧૯ | સભ્ય | નવીન લધા લીંબાણી | મુલુંડ | 98200 07099 |
| ૨૦ | સભ્ય | ગૌતમ મણિલાલ કેશરાણી | મુલુંડ | 98672 99945 |
| ૨૧ | સભ્ય | કાંતિલાલ નારાયણ સેંઘાણી | મુલુંડ | 98200 48312 |
| ૨૨ | સભ્ય | હિંમતલાલ ગોપાલ સેંઘાણી | મુલુંડ | 98210 69470 |
| ૨૩ | સભ્ય | હરિલાલ ભાણજી પરવાડિયા | મુલુંડ | 93203 24280 |
| ૨૪ | સભ્ય | શાંતિલાલ રતનશી રૂડાણી | બોરીવલી | 98201 40029 |
| ૨૫ | સભ્ય | નવીન ગોવિંદ વાસાણી | બોરીવલી | 98205 54400 |
| ૨૬ | સભ્ય | શાંતિલાલ લખમશી ધોળુ | કાંદિવલી | 97690 10551 |
| ૨૭ | સભ્ય | હસમુખ લાલજી જબુઆણી | દહીસર | 98691 89329 |
| ૨૮ | સભ્ય | સવિતાબેન હસમુખ જબુઆણી | દહીસર | 98691 89329 |
| ૨૯ | સભ્ય | કાંતિલાલ લખમશી લીંબાણી | થાણા | 98217 51111 |
| ૩૦ | સભ્ય | નારાયણ માવજી બાથાણી | થાણ | 93240 00694 |
| ૩૧ | સભ્ય | ખરાશંકર ધનજી જબુઆણી | થાણા | 98331 70906 |
| ૩૨ | સભ્ય | જયંતીલાલ પચાણ સેંઘાણી | થાણા | 99200 60900 |
| ૩૩ | સભ્ય | નરેન્દ્ર કુંવરજી પોકાર | થાણા | 98195 59301 |
| ૩૪ | સભ્ય | હંસાબેન કીર્તિકુમાર દિવાણી | થાણા | 88795 45222 |
| ૩૫ | સભ્ય | પરેશ સામજી ધોળુ | થાણા | 98194 08445 |
| ૩૬ | સભ્ય | કરસનદાસ ગોપાલ લીંબાણી | ભિવંડી | 98231 97141 |
| ૩૭ | સભ્ય | તુલસીદાસ રતનશી દિવાણી | ભિવંડી | 98220 14057 |
| ૩૮ | સભ્ય | મહેશ રામજી બાથાણી | ભિવંડી | 88885 44111 |
| ૩૯ | સભ્ય | વિશ્રામ શિવજી સાંખલા | ભિવંડી | 98902 30993 |
| ૪૦ | સભ્ય | ભરત વિસનજી સેંઘાણી | બદલાપુર | 99308 23109 |
| ૪૧ | સભ્ય | મંગલદાસ મૂળજી ગોરાણી | બદલાપુર | 94226 81925 |
| ૪૨ | સભ્ય | મગનલાલ માવજી પોકાર | બદલાપુર | 95033 55573 |
| ૪૩ | સભ્ય | નરસિંહ ખીમજી પોકાર | કલ્યાણ | 80870 89728 |
| ૪૪ | સભ્ય | હરેશ હીરાલાલ પોકાર | મીરારોડ | 98212 33587 |
| ૪૫ | સભ્ય | રવિલાલ સામજી પોકાર | વસઈ | 93266 99281 |
| ૪૬ | સભ્ય | શાંતિલાલ રામજી પોકાર | વિરાર | 70304 88865 |
| ૪૭ | સભ્ય | હીરાલાલ કરમશી સેંઘાણી | ડોમ્બીવલી | 98198 67804 |
| ૪૮ | સભ્ય | નરેન્દ્ર કલ્યાણજી ધોળુ | ડોમ્બીવલી | 97029 58506 |
| ૪૯ | સભ્ય | શાંતિલાલ કાનજી ભગત | ડોમ્બીવલી | 98197 03772 |
| ૫૦ | સભ્ય | ભરત હંસરાજ સેંઘાણી | ડોમ્બીવલી | 98704 20842 |
| ૫૧ | સભ્ય | હરિલાલ વેલજી પોકાર | ડોમ્બીવલી | 98192 98202 |
| ૫૨ | સભ્ય | હિરલાલ શામજી અમૃતિયા | પનવેલ | 93237 56788 |
| ૫૩ | સભ્ય | મનસુખ લધારામ વાસાણી | ખારઘર | 99674 33876 |
| ૫૪ | સભ્ય | પ્રવીણ ખીમજી ચોપડા | ખારઘર | 98925 44637 |
| ૫૫ | સભ્ય | નરેન્દ્ર ગંગારામ માવાણી | કામોઢા | 79778 37825 |
| ૫૬ | સભ્ય | નરેન્દ્ર બેચરલાલ સેંઘાણી | કલંબોલી | 98195 17516 |

## શ્રી કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ (મુંબઈ) કાર્યકાળ ૨૦૨૫-૨૦૨૮

| | |
|---|---|
| પ્રમુખ | : શ્રીમતી ઉષાબેન વિનોદ ગોરાણી (થાણે) |
| આઈ પી. પી. | : શ્રીમતી અરુણાબેન પરેશ માવાણી (થાણે) |
| ઉપ પ્રમુખ | : શ્રીમતી ભારતીબેન હિંમત વાલાણી (પનવેલ) |
| ઉપ પ્રમુખ | : શ્રીમતી ગીતાબેન અમૃતલાલ પોકાર (ખારઘર) |
| મહામંત્રી | : શ્રીમતી હેતલબેન અશોક લીંબાણી (કલ્યાણ) |
| સહમંત્રી | : શ્રીમતી પ્રીતિબેન જયેશ ભગત (ડોમ્બિવલી) |
| સહમંત્રી | : શ્રીમતી જાનવીબેન ભાવેશ સેંઘાણી (થાણે) |
| ખજાનચી | : શ્રીમતી બીનાબેન નિતીન ચૌધરી (થાણે) |
| સહ ખજાનચી | : શ્રીમતી રીટાબેન અનિલ રૂડાણી (મુલુંડ) |
| સહ ખજાનચી | : શ્રીમતી જ્યોતિબેન પ્રવિણ પારસીયા (ઘાટકોપર) |

### સભ્યો

શ્રીમતી પ્રેમિલાબેન વિજય રામજીયાણી (ઘાટકોપર)
શ્રીમતી રીટાબેન પ્રકાશ માવાણી (ઘાટકોપર)
શ્રીમતી શર્મિલાબેન ભરત રામજીયાણી (ઘાટકોપર)
શ્રીમતી નેહાબેન રમેશ ચોપડા (પવઈ)
શ્રીમતી નીતાબેન ઉમેશ વાસાણી (ચેમ્બુર)
શ્રીમતી દક્ષાબેન વિરેન્દ્ર માવાણી (ચેમ્બુર)
શ્રીમતી ગીતાબેન વિરેન્દ્ર માવાણી (મુલુંડ)
શ્રીમતી નીરૂબેન જયેશ ચૌધરી (થાણે)
શ્રીમતી વિલાસબેન ચંદુલાલ ધોળુ (થાણે)
શ્રીમતી સીમાબેન પ્રદીપ ડાયાણી (થાણે)
શ્રીમતી ભાવનાબેન જતીન વેલાણી (થાણે)
શ્રીમતી દમયંતીબેન જેન્તીલાલ સેંઘાણી (થાણે)
શ્રીમતી કંચનબેન વસંત સેંઘાણી (થાણે)
શ્રીમતી શારદાબેન નરેન્દ્ર પોકાર (થાણે)
શ્રીમતી ગીતાબેન ભરત સેંઘાણી (થાણે)
શ્રીમતી નિમુબેન શંકર ગોરાણી (થાણે)
શ્રીમતી હીનાબેન કપિલ શીરવી (થાણે)
શ્રીમતી મંજુબેન પ્રવિણ નાકરાણી (થાણે)
શ્રીમતી શિલ્પાબેન હિતેશ લીંબાણી (થાણે)
શ્રીમતી લીલાબેન ધીરજ નાકરાણી (બદલાપુર)
શ્રીમતી ઉર્મિલાબેન પ્રવિણ રંગાણી (બદલાપુર)
શ્રીમતી જયશ્રીબેન સુરેશ છાભૈયા (કલ્યાણ)
શ્રીમતી દમયંતીબેન મનસુખ પોકાર (ડોમ્બીવલી)
શ્રીમતી નેહાબેન નવિન લીંબાણી (ડોમ્બિવલી)
શ્રીમતી મંજુલાબેન પરસોત્તમ પોકાર (ડોમ્બિવલી)
શ્રીમતી કુસુમબેન ઈશ્વરલાલ ભગત (ડોમ્બિવલી)
શ્રીમતી હેમલતાબેન મહેન્દ્ર અમૃતિયા (પનવેલ)
શ્રીમતી અનિલાબેન નરેન્દ્ર સેંઘાણી (કલંબોલી)
શ્રીમતી દક્ષાબેન દિનેશ ભગત (કામોઠા)
શ્રીમતી વિજયાબેન રાજેશ ચોપડા (ખારઘર)
કુ. ધ્યાની શૈલેષ ચોપડા (બોરીવલી)
કુ. મોક્ષી પ્રકાશ છાભૈયા (થાણે)
કુ. ભાવિની પ્રવિણ નાકરાણી (થાણે)
કુ. અંશી ભરત સેંઘાણી (થાણે)
કુ. ત્નવી જયેશ ધોળુ (થાણે)

## શ્રી કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન યુવક મંડળ મુંબઈ કારોબારી યાદી (વર્ષ ૨૦૨૫-૨૮)

| | |
|---|---|
| પ્રમુખ | : જયેશ નાનજી ભગત (ડોમ્બીવલી) |
| આઈ.પી.પી. | : જોગેશ હીરજી પારસિયા (મુલુંડ) |
| ઉપ પ્રમુખ | : કિશોર લખમશી માવાણી (મીરારોડ) |
| ઉપ પ્રમુખ | : રસિક હરીલાલ માવાણી (થાણે) |
| મહામંત્રી | : કેતન બાબુલાલ પોકાર (થાણે) |
| સહમંત્રી | : સાગર સુરેશ સેંઘાણી (થાણે) |
| સહમંત્રી | : વિપુલ હિરાલાલ સેંઘાણી (ડોમ્બીવલી) |
| ખજાનચી | : મેહુલ પ્રેમચંદ પારસિયા (થાણે) |
| સહ ખજાનચી | : સુમિત નારણ રામાણી (થાણે) |
| સહ ખજાનચી | : ભરત અંબાલાલ પોકાર (વિરાર) |

### સભ્યો

દિલીપ પરબત પોકાર (ભિવંડી)
હેમંત પુરુષોત્તમ દિવાણી (ભિવંડી)
જનક તુલસીદાસ દિવાણી (ભિવંડી)
પ્રવીણ અબજી લિંબાણી (ભિવંડી)
મોહિત હીમતલાલ સેંઘાણી (ડોમ્બિવલી)
નકુલ પ્રવીણ ભીમાણી (ડોમ્બિવલી)
રાજ વિનોદ પોકાર (ડોમ્બિવલી)
રાજેશ પુરષોત્તમ સેંઘાણી (ડોમ્બિવલી)
સુનીલ વિસનજી સેંઘાણી (ડોમ્બિવલી)
સૂર્યા હિરાલાલ ભાવાણી (ડોમ્બિવલી)
વિપુલ કાન્તિલાલ સેંઘાણી (ડોમ્બિવલી)
પ્રશાંત નાનાલાલ ભગત (મીરા રોડ)
શ્રેય પ્રવીણ ચોપડા (મીરા રોડ)
તરંગ હરેશ પોકાર (મીરા રોડ)
અશોક નાનજી માવાણી (થાણે)
રાજેશ શાન્તિલાલ છાભૈયા (થાણે)
શૈલેષ લાલજી દિવાણી (થાણે)
વિજય ખીમજી છાભૈયા (થાણે)
વિજય રમણલાલ ભગત (થાણે)
ગૌતમ પુરષોત્તમ પોકાર (વિરાર)
જયેશ અમૃતલાલ સેંઘાણી (બદલાપુર)
મહેશ વિશ્રામ લીંબાણી (બદલાપુર)